## પેજ 3

### આમિર ખાન કાલે ગૌરી સ્પ્રેટ સાથે કરશે ત્રીજા લગ્ન




મુંબઈ, તા. 3 (પીટીઆઈ): બોલિવૂડ સ્ટાર આમિર ખાને ખુલાસો કર્યો છે કે તેની પાર્ટનર ગૌરી સ્પ્રેટ સાથેના લગ્ન 5 જુલાઈના રોજ તેના મુંબઈ સ્થિત નિવાસસ્થાને યોજાશે. 61 વર્ષીય અભિનેતાએ જણાવ્યું કે, આ લગ્ન એક ખાનગી પ્રસંગ હશે જેમાં માત્ર પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજર રહેશે. ગુરુવારે રાત્રે રાજકુમાર હિરાણીના આગામી શોના સ્ક્રીનિંગ દરમિયાન આમિરે મીડિયા સમક્ષ આ ખુશખબર શેર કરી હતી અને ભવિષ્યની સફર માટે લોકોના આશીર્વાદ માંગ્યા હતા. આ આમિર ખાનના ત્રીજા લગ્ન હશે. અગાઉ તેના લગ્ન રીના દત્ત (1986થી 2002) અને કિરણ રાવ (2005થી 2021) સાથે થયા હતા. આમિરે ગૌરી સ્પ્રેટને વર્ષ 2025માં તેની ફિલ્મ 'સિતારે ઝમીન પર'ના પ્રમોશન દરમિયાન મીડિયા સાથે પરિચય કરાવ્યો હતો. ગૌરી સ્પ્રેટ બેંગલોરની વતની છે અને વેલનેસ તથા બ્યુટી ક્ષેત્રે કામ કરે છે. આમિરે અગાઉ જણાવ્યું હતું કે તેઓ એકબીજાને 25 વર્ષથી ઓળખતા હતા, પરંતુ છેલ્લા દોઢ વર્ષથી તેઓ નજીક આવ્યા છે.

### અમિતાભ અને અજય દેવગનના બંગલામાં પણ ભરાયા પાણી



મુંબઈ, તા. 3: મુંબઈમાં પડેલા ભારે વરસાદે બોલિવુડ સ્ટાર્સના આલીશાન બંગલાઓની હાલત પણ બગાડી દીધી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના જુહુ સ્થિત રૂ. 50 કરોડના બંગલા 'જનક' અને અજય દેવગનના બંગલા 'શિવશક્તિ'ની બહાર રસ્તાઓ પર પાણી ભરાયેલું સાફ જોઈ શકાય છે તેમના બંગલામાં પણ પાણી ભરાઈ ગયું હતું. અમિતાભ બચ્ચનના બંગલામાં મુકેલા કુંડા પણ અડધા પાણીમાં ડૂબી ગયા છે.

મુંબઈના રસ્તાઓ પર પાણી ભરાવવું સામાન્ય બાબત છે, પરંતુ આવા પોશ વિસ્તારમાં આવેલા સેલેબ્સના ઘરોની આવી હાલત જોઈને સોશિયલ મીડિયા યુઝર્સ હવે બીએમસી (BMC) સામે સવાલો ઉઠાવી રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે જો આટલા મોટા સ્ટાર્સના ઘરનો આ હાલ હોય, તો મુંબઈની સામાન્ય જનતાનું શું થતું હશે!

### રણવીરે કઝીનના લગ્નમાં વરરાજાને ઊંચક્યો, કર્યો જોરદાર ડાન્સ




મુંબઈ, તા. 3: ગોવાની લક્ઝુરિયસ 'સેક્રી વિલા'માં યોજાયેલા હાઈ-પ્રોફાઈલ લગ્ન સમારંભમાં રણવીર સિંહ ગ્રીન કુર્તા-પાયજામા અને બ્લેક ગોગલ્સમાં સુપર કૂલ લુકમાં જોવા મળ્યો હતો. 'ધુરંધર' ફ્રેન્ચાઈઝીની સુપર સક્સેસ પછી લાઈમલાઈટમાં રહેલો રણવીર તેની કઝીન સૌમ્યા હિંગોરાણીના લગ્નમાં પત્ની દીપિકા પાદુકોણ સાથે પહોંચ્યો હતો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ઇનસાઇડ તસવીરો અને વીડિયોમાં રણવીર ફૂલ ઓન ડાન્સ મૂડમાં વરરાજાને હવામાં ઊંચકતો અને પરિવાર સાથે ધમાલ મચાવતો જોવા મળી રહ્યો છે. ડિસેમ્બરમાં થયેલા આ લગ્નના ફોટોગ્રાફરે આ મહેંદી નાઇટની અનસીન પળો શેર કરતાં જ ફેન્સ આ ક્યૂટ બ્રધર-સિસ્ટર બોન્ડિંગ પર ફિદા થઈ ગયા છે અને આ વીડિયો ઇન્ટરનેટ પર જોરદાર ટ્રેન્ડ કરી રહ્યો છે!

# પાકિસ્તાનમાં બસ ખીણમાં ખાબકી, 40 મુસાફરોનાં મોત




**ખૈબર** પખ્તુનખ્વાના પહાડી રસ્તા પર બ્રેક ફેઈલ થતાં અકસ્માત સર્જાયો, 8 લોકો ઈજાગ્રસ્ત

**ક્વેટાથી** પેશાવર જઈ રહી હતી 48 મુસાફરોથી ભરેલી બસ

પેશાવર/ઇસ્લામાબાદ, તા. 3 જુલાઈ (પીટીઆઈ): પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં શુક્રવારે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. અહીં મુસાફરોથી ભરેલી એક બસ ઊંડી ખીણમાં ખાબકતાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા 40 લોકોનાં મોત નીપજ્યાં છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ બસ બલૂચિસ્તાનના ક્વેટાથી પેશાવર જઈ રહી હતી, તે દરમિયાન ખૈબર પખ્તુનખ્વાના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં આ દુર્ઘટના થઈ હતી.

પ્રાથમિક તપાસ મુજબ, પહાડી રસ્તા પર વળાંક લેતી વખતે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી, જેના કારણે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ રસ્તા પરથી લપસીને સીધી ખીણમાં પડી ભાંગી હતી. બલૂચિસ્તાનના મુખ્યમંત્રીના સલાહકાર શાહિદ રિંદે જણાવ્યું કે, આ અકસ્માતમાં 40 લોકોનાં મોત થયાં છે અને 8 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

બંને પ્રાંતની જિલ્લા વહીવટી ટીમો અને 1122 રેસ્ક્યૂ ટીમ દ્વારા ઘટનાસ્થળે રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. બસ ઉપડી ત્યારે તેમાં 36 મુસાફરો હતા, પરંતુ રસ્તામાં અન્ય લોકો પણ સવાર થયા હતા, જેથી દુર્ઘટના સમયે કુલ 48 લોકો સવાર હતા.

ખૈબર પખ્તુનખ્વાના પહાડી વિસ્તારોમાં ખરાબ રસ્તા, જૂના વાહનો અને બિનઅનુભવી ડ્રાઈવરોના કારણે આવા જીવલેણ અકસ્માતો સામાન્ય છે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ તબીબી સારવાર આપવા આદેશ કર્યો છે.

# UNના વડામથકની સામે એક વ્યક્તિએ આત્મવિલોપન કર્યું



**બૌદ્ધ** ભિક્ષુકના વેશમાં આવેલા શખ્સે યુએન પરિસર નજીક તિબેટનો ધ્વજ મૂક્યો અને પછી પોતાના શરીરને આગ ચાંપી

**સ્થળ** પરથી મળી આવેલી પત્રિકાઓમાં ચીનને તિબેટમાંથી કાઢો એવું લખ્યું હતું

ન્યૂયોર્ક, તા. ૩: અમેરિકાના ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર(UN) મુખ્યાલયની બહાર ગુરુવારે સાંજે એક 52 વર્ષીય વ્યક્તિએ પોતાની જાતને આગ લગાવી દીધી. ગંભીર રીતે દાઝી ગયેલા આ વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓ અને સામે આવેલા વીડિયો મુજબ, તે વ્યક્તિ બૌદ્ધ ભિક્ષુકના વેશમાં હતો. ઘટના પહેલા તેણે સંયુક્ત રાષ્ટ્ર પરિસર પાસેના ફૂટપાથ પર તિબેટનો ધ્વજ મૂક્યો અને પછી પોતાના પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ લગાવી દીધી. પોલીસને ઘટનાસ્થળેથી કેટલીક પત્રિકાઓ મળી, જેના પર "ચીનને તિબેટમાંથી બહાર કાઢો" એવું લખ્યું હતું. પ્રાથમિક તપાસમાં તેને તિબેટ મુદ્દા સાથે જોડાયેલો વિરોધ માનવામાં આવી રહ્યો છે. જો કે, અધિકારીઓએ હજુ સુધી આત્મદાહ પાછળના અંતિમ કારણની પુષ્ટિ કરી નથી. સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તાએ જણાવ્યું કે ઘટના સમયે તમામ સત્તાવાર બેઠકો પૂરી થઈ ગઈ હતી.

તેથી UNના નિયમિત કામકાજ પર તેની કોઈ અસર પડી ન હતી. કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મૃતકની ઓળખ તેના એક મિત્રએ લોબગા રાંગજેન તરીકે કરી છે. જણાવવામાં આવ્યું છે કે તે લગભગ 20 વર્ષથી અમેરિકામાં રહેતો હતો.

# મોદી 6 જુલાઈથી ત્રણ દેશોના પ્રવાસે જશે

**આ** મુલાકાતથી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સાથે ભારતના સંબંધો વધુ મજબૂત બનશે

**40** વર્ષ બાદ ભારતીય પીએમની ન્યૂઝીલેન્ડની પ્રથમ સત્તાવાર મુલાકાત

વેલિંગ્ટન, તા. 3 જુલાઈ (પીટીઆઈ): ભારતના વિદેશ મંત્રાલયે (MEA) શુક્રવારે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી 6થી 11 જુલાઈ દરમિયાન ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે.

વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) રુદ્રેન્દ્ર ટંડને માહિતી આપી હતી કે, આ ત્રણ દેશો સાથે ભારતના સંબંધોને વધુ મજબૂત કરવા માટે આ પ્રવાસનું આયોજન કરાયું છે. તેઓ સૌપ્રથમ ઈન્ડોનેશિયા જશે, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં તેમના મુખ્ય કાર્યક્રમો યોજાશે અને પ્રવાસના અંતિમ તબક્કામાં તેઓ ન્યૂઝીલેન્ડની મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, લગભગ 40 વર્ષમાં કોઈ ભારતીય વડા પ્રધાનની આ પ્રથમ ન્યૂઝીલેન્ડ મુલાકાત હોવાથી તે ખૂબ જ વિશેષ છે.ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને પણ સોશિયલ મીડિયા પર પીએમ મોદીની આ પ્રથમ સત્તાવાર મુલાકાત અંગે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ભારતને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાંનું એક ગણાવતા કહ્યું કે, ન્યૂઝીલેન્ડની આર્થિક સમૃદ્ધિ માટે ભારતનું ઘણું મહત્વ છે.

એપ્રિલ મહિનામાં બંને દેશો વચ્ચે થયેલા મુક્ત વ્યાપાર કરાર (FTA) અંગે લક્સને જણાવ્યું કે, આ ડીલથી ન્યૂઝીલેન્ડની સેવાઓ માટે ભારતના 1.4 બિલિયન લોકોનું વિશાળ બજાર ખુલશે, જેનાથી કીવી સમુદાયમાં નોકરીઓ અને આવક વધશે. આ કરાર હેઠળ ન્યૂઝીલેન્ડમાં ભારતની 100 ટકા નિકાસને કરમુક્ત પ્રવેશ મળશે, જે ભારતની હિંદ-પ્રશાંત આર્થિક વ્યૂહરચનાને મજબૂત કરશે. વર્ષ 2024માં બંને દેશો વચ્ચેનો કુલ વેપાર આશરે 2.4 બિલિયન ડોલર સુધી પહોંચ્યો હતો, જેમાં આઈટી અને બિઝનેસ સેવાઓ મુખ્ય હતી.

# ઈથેનોલ મિક્સ કરવાથી એન્જિન કે પર્યાવરણને નુકસાન થતું નથી: સરકાર

**સોશિયલ** મીડિયા પર ચાલી રહેલી અફવાઓ પર કેન્દ્ર સરકારનો મોટો ખુલાસો

**ઇથેનોલ** મિશ્રણથી દેશને રૂ.1.9 લાખ કરોડની બચત થઈ

નવી દિલ્હી, તા. 3: નવી દિલ્હી, તા. 3 જુલાઈ (પીટીઆઈ): કેન્દ્ર સરકારે શુક્રવારે સોશિયલ મીડિયા પર દેશના E20 ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ વિશે ચાલી રહેલી વિવિધ અફવાઓ અને ખોટી માહિતીનું સત્તાવાર રીતે ખંડન કર્યું છે. સરકારે એન્જિનને નુકસાન, વીમો અમાન્ય થવો અને પર્યાવરણને નુકસાન જેવા તમામ દાવાઓને નકારી કાઢ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે 10 મુદ્દાની સ્પષ્ટતા જાહેર કરીને જણાવ્યું છે કે, E20 પ્રોગ્રામ (જેમાં પેટ્રોલમાં 20 ટકા સુધી ઈથેનોલ ભેળવવામાં આવે છે) સંપૂર્ણપણે વૈજ્ઞાનિક અભ્યાસો અને આંતરરાષ્ટ્રીય અનુભવો પર આધારિત છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે એક લીટર ઈથેનોલ બનાવવા માટે 10,000લીટર પાણી વપરાય છે તેવો દાવો તદ્દન ખોટો છે, કારણ કે વાસ્તવમાં માત્ર 3થી 5 લીટર પ્રોસેસ્ડ પાણીનો જ ઉપયોગ થાય છે. વળી, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા પછી બચેલા વધારાના ચોખા અને મકાઈનો જ આમાં ઉપયોગ થાય છે. વાહનોની ક્ષમતા અંગે સરકારે જણાવ્યું કે, ટેસ્ટિંગ દરમિયાન એન્જિન પર કોઈ પ્રતિકૂળ અસર જોવા મળી નથી અને તેનાથી ગાડીની વોરંટી કે વીમા કવરેજ રદ થતું નથી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એવા દાવા પણ ખોટા છે કે ઈથેનોલમાં ખાંડ હોવાથી કીડી કે મધમાખીઓ આકર્ષાય છે, કારણ કે ડિસ્ટિલેશન પ્રક્રિયા દરમિયાન બધી ખાંડ દૂર થઈ જાય છે.

વર્ષ 2014-15થી અત્યાર સુધીમાં આ પ્રોગ્રામને કારણે દેશે 1.9 લાખ કરોડથી વધુના વિદેશી હૂંડિયામણની બચત કરી છે, ખેડૂતોને 1.6 લાખ કરોડથી વધુની ચૂકવણી થઈ છે અને કાર્બન ઉત્સર્જનમાં 930 લાખ મેટ્રિક ટનનો ઘટાડો થયો છે. ભારતે નિર્ધારિત સમય કરતાં વહેલા, ડિસેમ્બર 2025 માં પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો અને વર્ષ 2025-26 માં ઈથેનોલની ખરીદી 1,200 કરોડ લીટરથી વધુ થવાનો અંદાજ છે.

# વિશ્વના સૌથી ઠીંગણા દંપતિએ ઘરને પોતાની ખાસ જરૂરિયાતોને અનુરૂપ બનાવ્યું

**એક** ટીવી શોમાં આ બ્રાઝિલિયન દંપતિ પોતાના ઘરના આગવા ફેરફારો બતાવે છે



સાઓ પાઉલો, તા. ૩: ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સમાં વિશ્વના સૌથી નીચી હાઈટ ધરાવતા પરિણીત યુગલ તરીકે સ્થાન મેળવીને તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યા હતા - અને હવે, તેઓ લોકોને પોતાના ઘરની અંદરની ઝાંખી કરાવી રહ્યા છે.

પાઉલો ગેબ્રિયલ ડા સિલ્વા બેરોસ અને કાત્યુસિયા લી હોશિનોએ બ્રાઝિલના સાઓ પાઉલોમાં આવેલા ઈટાપેવા સ્થિત તેમના અનોખા અને ખાસ રીતે તૈયાર કરાયેલા ઘરની અંદર ટીએલસીના કેમેરાને આમંત્રિત કર્યા છે. આ દંપતી, જે બંને ડ્વાર્ફિઝમ ધરાવે છે, તેઓ TLCના નવા શો 'મોસ્ટ એક્સ્ટ્રીમ હ્યુમન્સ'માં જોવા મળી રહ્યા છે, જે શો અત્યંત દુર્લભ શારીરિક સ્થિતિ ધરાવતા લોકોને દર્શાવે છે. હવે, આ બ્રાઝિલિયન દંપતી તેમના ઘરના એવા રિનોવેશન વિશે જણાવી રહ્યું છે જેણે તેમના મકાનને એક સુંદર ઘરમાં બદલી નાખ્યું છે અને ઘરના રોજિંદા કામોને તેમના માટે સરળ બનાવ્યા છે. ૪૦ વર્ષના પાઉલો અને ૩૬ વર્ષની હોશિનોએ પોતાની જરૂરિયાતો મુજબ ઘરના લગભગ દરેક રૂમને અનુકૂળ બનાવ્યો છે. આ ફેરફારોમાં દરવાજાના નીચા હેન્ડલ્સ, નીચી લાઈટ સ્વીચો, કસ્ટમાઈઝ્ડ કાઉન્ટરટોપ્સ અને સરળતાથી પહોંચી શકાય તેવા સ્ટોરેજનો સમાવેશ થાય છે. આ પ્રેમાળ યુગલે પરંપરાગત કબાટોના સ્થાને સરળતાથી ખેંચી શકાય તેવા ડ્રોઅર્સ બનાવ્યા અને છાજલીઓ ખુલ્લી રાખી. તેમણે એક છીછરી કસ્ટમ સિંક અને નીચો ગેસ સ્ટવ પણ બનાવ્યો જેથી તેઓ બંને સાથે મળીને સરળતાથી રસોઈ બનાવી શકે.

# રીતાબ્રત જૂથે કોલકાતામાં તૃણમૂલના વડામથક પર કબજો જમાવ્યો

**તાળા** બદલી નાખ્યા, નવા પોસ્ટરો લગાડ્યા, પોતે જ સાચી તૃણમૂલ કોંગ્રેસ હોવાની જાહેરાત કરી

**જો** કે કાર્યાલયની અંદરના મમતા બેનરજીના ફોટા અને કટ-આઉટ્સ રહેવા દેવામાં આવ્યા

કોલકાતા, તા. ૩(પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસ પર નિયંત્રણ મેળવવાની લડાઈ શુક્રવારે ત્યારે વધુ ઉગ્ર બની ગઈ જ્યારે વિપક્ષના નેતા રીતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથે કોલકાતામાં પાર્ટીના મેટ્રોપોલિટન હેડક્વાર્ટરનો કબજો મેળવી લીધો, તાળાં બદલી નાખ્યા, નવા પોસ્ટરો લગાવ્યા અને જાહેરાત કરી કે હવેથી આ જ પરિસરમાંથી પક્ષનું સંચાલન કરવામાં આવશે. આ પગલું બળવાખોર છાવણી દ્વારા પક્ષનું નામ, પ્રતીક અને સંગઠનાત્મક માળખા પર પોતાનો દાવો રજૂ કરવા માટે નવી દિલ્હીમાં ચૂંટણી પંચની પૂર્ણ બેંચ સમક્ષ હાજર થયાના માંડ ૨૪ કલાક બાદ આવ્યું છે. વરિષ્ઠ નેતાઓ ફિરહાદ હકીમ, જાવેદ ખાન, સંદીપન સાહા અને પક્ષના ખજાનચી અખરુઝ્ઝામન સાથે રીતાબ્રત ઈ.એમ. બાયપાસ પર આવેલી ઓફિસે પહોંચ્યા હતા અને પરિસરની અંદર એક બેઠક યોજીને દાવો કર્યો હતો કે તેમનું જૂથ જ સાચી ટીએમસી છે. મૂળ મુખ્યાલયના પુનઃનિર્માણ દરમિયાન ટીએમસી ૨૦૨૨માં ત્યાં સ્થળાંતરિત થઈ ત્યારથી મેટ્રોપોલિટન વિસ્તારની આ ઓફિસ પક્ષના મુખ્ય કાર્યાલય તરીકે સેવા આપી રહી છે. અમે જ તૃણમૂલ કોંગ્રેસ છીએ, અને આ ઓફિસ તૃણમૂલ કોંગ્રેસની છે. આ ઓફિસ સાથે પક્ષનું ભાવનાત્મક જોડાણ છે. માલિકો સાથે કરાર પૂર્ણ થઈ ગયો છે, અને તમામ સંગઠનાત્મક કામગીરી અહીંથી જ ચલાવવામાં આવશે, એમ અખરુઝ્ઝામને પત્રકારોને જણાવ્યું હતું. નોંધનીય છે કે, નવા પોસ્ટરોમાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીનો ફોટો નથી અને તેના બદલે વરિષ્ઠ ધારાસભ્ય અરૂપ રોયને પક્ષના અધ્યક્ષ તરીકે દર્શાવવામાં આવ્યા છે .આ ફેરફારો છતાં, પરિસરની અંદર પહેલેથી જ પ્રદર્શિત મમતા બેનર્જીના ફોટા અને કટ-આઉટ્સને અડકવામાં આવ્યા નહોતા. આ ઘટનાક્રમ પર મમતા બેનર્જીના વફાદાર જૂથ તરફથી તાત્કાલિક પ્રતિક્રિયા આવી હતી. વરિષ્ઠ નેતા કુણાલ ઘોષ આ ઘટનાની જાણ થતાં જ ઓફિસે પહોંચ્યા હતા પરંતુ ગેટ પર તાળું હોવાને કારણે તેઓ અંદર પ્રવેશી શક્યા નહોતા. આ ઘટનાને "દુર્ભાગ્યપૂર્ણ" ગણાવતા ઘોષે બળવાખોરો પર પક્ષમાં મૂંઝવણ ઊભી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. મમતા જૂથે એવો પણ આક્ષેપ કર્યો હતો કે આ કબજો રાજ્ય વહીવટીતંત્ર અને પોલીસના પરોક્ષ સમર્થનથી કરવામાં આવ્યો છે, જે આરોપને બળવાખોરોએ ફગાવી દીધો હતો.

# પૃથ્વી તરફ ધસી રહેલા નાસાના ટેલિસ્કોપને બચાવવા મિશન લોન્ચ કરાયું

**ત્રણ** હાથવાળું 'લિંક' યાન કેટાલિસ્ટ સ્પેસ કંપનીએ અવકાશમાં રવાના કર્યું

**આ** યાન સ્વિફ્ટ ટેલિસ્કોપ સુધી સપ્ટેમ્બરમાં પહોંચી જશે અને તેને ધક્કા મારીને ફરીથી મૂળ ભ્રમણકક્ષામાં મૂકશે

**જો** આ ઓપરેશન નહીં કરાય તો સ્વિફ્ટ ટેલિસ્કોપ ઓક્ટોબર સુધીમાં પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશીને સળગી જવાનો ભય

### હબલ ટેલિસ્કોપને પણ થોડા વર્ષો પછી આ રીતે બચાવવું પડશે

નાસાનું બહુ જાણીતું હબલ સ્પેસ ટેલિસ્કોપ પણ આગામી થોડા વર્ષોમાં આ પ્રકારના બચાવ અભિયાન માટે દાવેદાર બની શકે છે. સૌર તોફાનોને કારણે વાતાવરણના વધેલા ઘર્ષણના લીધે તેની ઊંચાઈ પણ ઘટી રહી છે.

કેપ કેનાવેરલ (યુએસ), ૩ જુલાઈ (એપી) પૃથ્વી પર પાછા તૂટી પડવાના જોખમનો સામનો કરી રહેલા નાસાના ટેલિસ્કોપને બચાવવા માટે શુક્રવારે એક ત્રણ હાથવાળું સ્પેસક્રાફ્ટ ભ્રમણકક્ષામાં રવાના થયું હતું. નોર્થરોપ ગ્રુમેને પેસિફિકમાં આવેલા માર્શલ આઈલેન્ડ્સ પરથી કેટાલિસ્ટ સ્પેસ ટેક્નોલોજીસના 'લિંક' સ્પેસક્રાફ્ટને લોન્ચ કર્યું હતું. પેગાસસ રોકેટે એક મોડિફાઈડ વિમાનના નીચેના ભાગમાંથી ઉડાન ભરી હતી, જે નાસાના સ્વિફ્ટ ઓબ્ઝર્વેટરી(ટેલિસ્કોપ) સુધી પહોંચવા અને તેને પકડવાના માર્ગ પર આશરે એક મહિનામાં પહોંચી જશે. ૨૦૦૪ માં લોન્ચ કરાયેલું સ્વિફ્ટ ટેલિસ્કોપ તાજેતરના સૌર તોફાનોને કારણે પહેલા કરતાં વધુ ઝડપથી નીચે તરફ સરકી રહ્યું છે. નાસા આ ટેલિસ્કોપને પકડવા અને તેની ભ્રમણકક્ષા વધારવા માટે કેટાલિસ્ટ કંપનીને ૩ કરોડ અમેરિકી ડોલર ચૂકવી રહ્યું છે, જેથી તે બ્રહ્માંડના સૌથી મોટા વિસ્ફોટો, જેવા કે ગામા કિરણોના વિસ્ફોટ અને ફાટતા તારાઓ(સુપરનોવા) પર નજર રાખવાનું ચાલુ રાખી શકે. જો બધું બરાબર રહ્યું તો, સ્વિફ્ટ ટેલિસ્કોપ સપ્ટેમ્બર સુધીમાં ફરીથી બ્રહ્માંડનું નિરીક્ષણ કરવાનું શરૂ કરી શકે છે. ટેલિસ્કોપની ભ્રમણકક્ષાને શક્ય તેટલા લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે હાલમાં તેના દ્વારા થતા અવલોકનો પર રોક લગાવવામાં આવી છે.

૧.૬ ટન વજન ધરાવતું સ્વિફ્ટ હાલમાં પૃથ્વીથી ૩૬૦ કિલોમીટર ઉપર ચક્કર લગાવી રહ્યું છે. કેટાલિસ્ટનો લક્ષ્યાંક ટેલિસ્કોપની ઊંચાઈ ૧૫૦ માઈલ (૨૪૦ કિલોમીટર) વધારીને તેને ફરી ત્યાં જ પહોંચાડવાનો છે જ્યાં તે શરૂઆતમાં હતું. લિંક સ્પેસક્રાફ્ટના થ્રસ્ટર્સ સ્વિફ્ટને ધીમે-ધીમે ઉપર ધકેલશે, જેથી તેમાં કોઈ મોટો આંચકો ન લાગે. કેટાલિસ્ટે આ મિશન માત્ર નવ મહિનામાં તૈયાર કર્યું છે. નાસાએ આ કામ ઝડપથી પૂરું કરવાનો આગ્રહ રાખ્યો હતો કારણ કે ઓક્ટોબર-નવેમ્બર સુધીમાં આ ટેલિસ્કોપ એટલું નીચે આવી ગયું હોત કે તેને બચાવવું અશક્ય બની જાત. જો તેની ઊંચાઈ વધારવામાં ન આવે, તો ઓક્ટોબરમાં તે પૃથ્વી પર ખાબકીને નાશ પામે તેવી આશંકા છે. ખરાબ હવામાન અને ટેકનિકલ ખામીઓના કારણે અંતિમ ક્ષણોમાં લોન્ચિંગમાં વારંવાર વિલંબ થયો હતો. લોન્ચિંગ પહેલા કેટાલિસ્ટ સ્પેસના સીઈઓ ઘોન્હી લીએ જણાવ્યું હતું કે, આ એક અત્યંત જોખમી પણ તેટલું જ લાભદાયી મિશન છે.

સૌથી મોટું જોખમ હંમેશાં એ હતું કે જો આપણે કંઈ લોન્ચ ન કરીએ, તો સ્વિફ્ટ વાતાવરણમાં બળીને ખાખ થઈ જશે. તેથી અમે હંમેશાં એ જોખમથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા, અને અમારી ટીમે તે કરી બતાવ્યું છે.